બાયડ તાલુકાના જીતપુર પંથકમાં ચેકડેમોમાં ગેરરીતિની આશંકા

મહિલા કોન્ટ્રાક્ટર દ્વારા પ્રયોજક ખેડૂતના બેંક ખાતાનો દુર ઉપયોગ કરી ખેડૂત સાથે છેતરપીંડિ : મોડાસાના સોના-ચાંદીના વેપારીના સહકારથી ખેડૂતો પર કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપી ખેડૂતોનું શોષણ કર્યું

ધનસુરા, તા. ૨૦

રાજ્ય સરકારના સિંચાઈ વિભાગની જળ સંચય અંગેની વિવિધ યોજનાઓના અમલ માટે બાયડ તાલુકાના જીતપુર ગામે પણ આશરે ૨૦ ઉપરાંત ચેકડેમો એક ખાનગી શૈક્ષણિક ટ્રસ્ટ અને ખેડૂત પ્રયોજક દ્વારા બાંધવામાં આવ્યા હતા. અભણ ખેડૂતોની અધન્યાનતાનો લાભ લઈ એક મહિલા કોન્ટ્રાક્ટર દ્વારા ચેકડેમના બાંધકામમાં ગેરરીતિ હોવા અંગેની ફરિયાદો ૨૦૧૨માં સિંચાઈ ખાતા સમક્ષ કરાઈ હતી, પરંતુ સિંચાઈ ખાતાના ભ્રષ્ટ અધિકારીઓ અને મહિલા કોન્ટ્રાક્ટરની મિલી ભગતથી સમગ્ર કૌભાંડ પર ઠંડુ પાણી રેડી દેવામાં આવ્યું હતું. ત્યાર બાદ મહિલા કોન્ટ્રાક્ટરે જીતપુર ગામના એક ગરીબ ખેડૂતના સંયુક્ત બેંક ખાતાના ચેકબુકમાંથી ચેકના આધારે મોડાસા ખાતેના એક પ્રખ્યાત સોના ચાંદીના વેપારી પાસેથી આશરે સાડા સાત લાખ રૂપિયાના દાગીનાની ઉધારમાં ખરીદી કરી હતી અને પ્રયોજક ખેડૂત ખાતેદારનો ચેક જામીનગીરી પેટે આપેલ આમ મહિલા કોન્ટ્રાક્ટર દ્વારા સોના-ચાંદીના વેપારી અને ખેડૂત બંનેને અંધારામાં રાખી દાગીનાની ઉધાર ખરીદી કરી સમયાંતરે પૈસાનું ચુકવણું ન થતા વેપારીએ ચેક નાખતા ખાતામાં બેલેન્સ ન હોવાથી ચેક પરત ફરતા સોના ચાંદીના વેપારીએ એડવોરેટની મદદથી ગરીબ ખેડૂતને નોટીસ આપી ખેડત પાસેથી અંકે સાડા સાત લાખ વસુલ કર્યા. ગરીબ ખેડૂતોએ સગા સંબંધીમાંથી ઉછીના મેળવેલ રૂપિયા મેળવવા ઘણા પ્રયત્નો કરવા છતાં રૂપિયા ન મળતા મીડિયા સમક્ષ ઘા નાખી હતી. સોના-ચાંદીના વેપારી અને મહિલા કોન્ટ્રાક્ટરની ચુંગાલથી આ ગરીબ ખેડૂત દેવાદાર બની ગયો ત્યારે ગામના કેટલાક આગેવાનોની દખલગીરી છતાં મહિલા કોન્ટ્રાક્ટરે ખેડૂતને ઠેંગો બતાવી દેતા ટુંક સમયમાં ખેડૂત દ્વારા કાનૂની સલાહ મેળવી સોના ચાંદીના વેપારી અને મહિલા કોન્ટ્રાક્ટર સમક્ષ કાનૂની કાર્યવાહી કરવાની તેયારીઓ કરેલ છે.

મોડાસાની કલરવ શાળાના પ્રિન્સિપાલ ક્લાર્ક ૪૭૮૦ની લાંચ લેતા ઝડપાયા

મોડાસા કેળવણી મંડળની ગુલબાંગોની પોલ ખુલી : આર.ટી.ઈ. હેઠળ એડમિશન લીધેલ ગરીબ બાળકના વાલી પાસે ગેરકાયદેસર ફી માંગી

મોડાસા, તા. ૨૧

શિક્ષણક્ષેત્ર ખૂબજ સારૂ નામ હોવાનો દાવો કરતી મોડાસા કેળવણી મંડળ સંચાલિત કલરવ સંસ્થાના પ્રિન્સિપાલ તથા ક્લાર્ક રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ એડમિશન મેળવનાર ગરીબ બાળકના વાલી પાસેથી બળજબરીથી ૪૭૮૦ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ જતા આબરૂના લીરેલીરા ઉડી ગયા છે. એસીબીએ બન્નેની ધરપકડ કરી જેલના હવાલે કરી દીધા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલી મોડાસા કેળવણી મંડળ સંચાલિત કલરવ પ્રાથમિક સ્કૂલના કેન્દ્ર સરકાર દ્વારા આર.ટી.ઈ. ૨૦૪૮ તથા આર.ટી.ઈ. ૨૦૧૨ કાયદા અંતર્ગત મોડાસા દાવલી ગામના ગરીબ પરિવારના બાબુભાઈ નાનજી ડેડૂનની પુત્રી, પ્રિન્સીએ ધો. ૧માં એડમિશન લીધુ હતુ. આર.ટી.ઈ. હેઠળ કલરવ સંસ્થામાં કુલ ૧૯ બાળકોએ એડમિશન લીધુ હતુ. જેમની ફી સરકાર ચુકવતી હતી. ગરીબ બાળકોને મફત શિક્ષણ આપવાની આ યોજના હતી. છતાં મોડાસા કેળવણી મંડળના ઉચ્ચ હોદેદારોના માર્ગદર્શન હેઠળ કલરવ સંસ્થાના પ્રિન્સીપાલ રેણુકાબેન સોનીના આદેશ મુજબ સ્કૂલની ક્લાર્ક જ્ઞાનદાબેન ગરીબ બાળકના વાલી પાસેથી આજે બપોરે ૪૭૮૦ રૂપિયાની માતબર રકમની લાંચ ફી પેટે લેતા ઝડપાઈ ગયા હતા. સ્કૂલના પ્રિન્સિપાલ રેણુકા સોની વારંવાર વાલીને બાળકને શાળામાંથી કાઢી મુકવા ધમકાવતા પણ હતા. આમ આર.ટી.ઈ. હેઠળ ભણતા બાળકની ફી સરકાર ચુકવતી હોય છે પણ સ્કૂલની આ પ્રિન્સિપાલ ગેરકાયદેસર રીતે વાલી પાસેથી ફીની માંગણી કરતી હોવાની આ અંગેની ફરીયાદ અરવલ્લી જિલ્લા એસીબી પી.આઈ. સંદિપભાઈ કહારને મળી હતી. તેઓએ આજે સ્કૂલના ઓડીયો રેકોર્ડીંકના આધારે છટકુ ગોઠવતા સ્કૂલની પ્રિન્સિપાલ રેણુકાબેન તથા ક્લાર્ક જ્ઞાનદાબેન ૪૭૮૦ની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. તેમને તાત્કાલિક ધરપકડ કરીને જેલના હવાલે કરવામાં આવ્યા છે. આમ અમો સારૂ શિક્ષણ આપીએ છીએ, મોડાસાને એજ્યુકેશન હબ બનાવવુ છે નો દાવો કરનાર મોડાસા કેળવણી મંડળના ગેરવહીવટનો નમૂનો બહાર આવ્યો છે. જેના લીધે શિક્ષણઆલમમાં ફીટકાર વરસ્યો છે.

મોડાસાની દવાની દુકાનમાં ૧ વર્ષથી ચકલી મહેમાન : દુકાન માલિક દ્વારા માવજત

સમગ્ર વિશ્વમાં ૨૦ માર્ચ વિશ્વ ચકલી દિવસ તરીકે જીવદયા પ્રેમીઓ ઉજવે છે. માનવીની આજુબાજુમાં સતત ચીંચીં કરતી ચકલીઓ લુપ્ત થવાની આરે છે. માનવીઓ દ્વારા જંગલો-વૃક્ષોનું નિકંદન કાઢી સિમેન્ટ કોંક્રીટના જંગલો તાણી બાંધતા બદલાયેલા વાતાવરણ સાથે કેટલાય પક્ષીઓ સંતુલન જાળવી ન શકતા અદૃશ્ય બની ગયા છે. આધુનિક યુગમાં ચકીબેન... ચકીબેન મારી સાથે રમવા આવસો કે નહિ... તે બાળગીત બાળકોને સંભળાવી રહ્યા હોય ત્યારે ચકલીઓ લુપ્ત બનતા લેપટોપ, મોબાઈલ કે ટેબ્લેટમાં ચકલીના ફોટા બતાવી સંતોષ વ્યક્ત કરવો પડે છે.

મોડાસા શહેરના બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલી એક દવાની દુકાનમાં છેલ્લા એક વર્ષથી નિયમિત ચકલી તેના મેટીંગ પીરીયડમાં અવશ્ય પહોંચી દવાના ખાનામાં નિરાંતે આરામ કરતી નજરે પડે છે. જય મેડિકલ સ્ટોર્સમાં ચકલીને વાતાવરણ અનુકુળ આવી જતા અને માલીક અને સ્ટાફ દ્વારા માવજત કરતા માનવીના પગરવના અવાજ માત્રથી ઉડી જતી ચકલી નિર્ભય બની આરામ કરતી જોવા મળે છે.

દુકાન માલિક જય ભાઈના જણાવ્યા અનુસાર ઉનાળા દરમિયાન ગમે તેવી ગરમી પડતી હોય ચકલી દુકાનમાં આવતાની સાથે જ ચકલીને નુકશાન ન પહોંચે તે માટે પંખાની સ્વીચ બંધ કરી દેવામાં આવે છે. સાંજના સમયે ચકલી જાતે જ ઉડીને તેના રહેઠાણમાં પરત પહોંચી જાય છે. બિજા દિવસે નિયમિત સમયે ચકલી પાછી દવાની દુકાનમાં આરામ કરવા પહોંચી જાય છે.

નડિયાદના યુવકે પરણિતાને તલ્લાક આપતા સનસનાટી

નડિયાદ,તા.૨૧

ખેડા જિલ્લાના નડિયાદ શહેરમાં રહેતા એક મુસ્લીમ પરિવાર દ્વારા શહેરની એક યુવતિની સાથે લગ્ન કર્યા બાદ વિદેશ ગયેલા યુવકે ભારત પરત ફરીને આ પરણિતાને તારો બાપ ભિખારી છે. દહેજમાં કાંઈ આપ્યું નથી તેમ કહીને તેને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રણ વાર તલ્લાક બોલીને છુટાછેડા આપી દીધા હોવાની ફરિયાદ પરણિતાએ મહિલા પોલીસ મથકે નોંધાવતા ભારે ચકચાર મચી ગઈ છે.

નડિયાદ શહેરની રોશનપાર્ક સોસાયટીમાં રહેતા તસલીમબાનુ શફીભાઈ રહીમભાઈ કડીવાલાની દીકરીના લગ્ન નડિયાદના જ રહિશ મંજુરહુસેન ગુલારસુલ શેખ સાથે થયા હતા. લગ્ન બાદ પતિ ચાર માસ સુધી વિદેશમાં રહ્યો હતો. ત્યારબાદ તેઓએ પરત ફરીને તેમની પરણિતા તસ્લીમબાનુને શારીરિક અને માનસિક ત્રાસ આપીને જણાવ્યું હતું કે, મારે તારી સાથે લગ્ન કરવા નહોતા. પરંતુ મારી માતાનાથી કામ થતું ન હોય મેં તારી સાથે લગ્ન કર્યા હતા. આ સંદર્ભે જેઠ ઈકબાલહુસેન ગુલામરસુલ શેખ, સાસરા ગુલામરસુલ રહીમભાઈ શેખ, જેઠાણી શહેનાજબાનુ રફીકહુસેન શેખ તથા બીજા જેઠાણી મહેરુનબાનુ રિયાજહુસેન શેખનાઓએ મંજુરહુસેનને ચઢવણી કરીને આ પરણિતાના લગ્ન પછી આપણા ઘરના ફજેતા થાય છે. તારો બાપ ભિખારી છે. તારા બાપે દહેજમાં ટીવી, ફ્રીજ કે વોશીંગ મશીન આપ્યું નથી તેમ કહી દહેજની માંગણી કરી પરણિતાને ત્રણવાર તલ્લાક બોલી અને તું ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી શારીરિક, માનસિક ત્રાસ ગુજાર્યો હતો. જેના પરિણામે વ્યથિત પરણિતા તસ્લીમબાનુએ પતિ સહિત પાંચ સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવતા મૂળ અલીણાના રહેવાસી આ શેખ પરિવારના સભ્યોની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે.

અધ્યાત્મ સશક્તિકરણ હેતુ બ્રહ્માકુમારી વિદ્યાલય ડીસા સેવા કેન્દ્ર પર યોગ તપસ્યા

માઉન્ટના બ્રહ્માકુમાર આત્મ પ્રકાશજીની ઉપસ્થિતિમાં ૧૦૦૦ બ્રહ્માકુમાર ભાઈ-બહેનો જોડાયા

ડીસા, તા. ૨૧

તનાવમુક્ત રહેવા અને મનને ખુશ રાખવા રાજયોગનો અભ્યાસ અને સકારાત્મક ચિંતન જરૂરી છે. તેમ પ્રખર રાજયોગી આત્મ પ્રકાશજીએ જણાવ્યું હતું.

શહેરની સંસ્થાની ૧૫ ગીતાપાઠ શાળામાંથી સંગઠીત થયેલ ૧૦૦૦ બ્રહ્માકુમાર ભાઈ-બહેનોના સંગઠનને યોગા અનુભૂતિ કરાવતા બ્રહ્માકુમાર આત્મ પ્રકાશજીએ જણાવેલ કે પરમાત્મ સાથે દરેક કાર્ય કરતા મનનો તાર જોડવાથી દરેક કર્તવ્યમાં સરળતા મળે છે અને જીવનમાં સકારાત્મકતામાં વૃદ્ધિ થાય છે. જેના પરિણામે સમાજમાં પરસ્પર સ્નેહ-શાંતિ અને સદભાવ સ્વાભાવિક સ્થપાય છે. જેથી સમાજ એકતાના સુત્રમાં સંધાય છે. ભ્રાતાજીએ સામુહિક યોગાભ્યાસ કરાવી સર્વને પ્રતિદિવસ ૧ કલાક માનવમાત્રના કલ્યાણ હેતુ શુદ્ધ વાયબ્રેશન ફેલાવવા રાજયોગ તપસ્યા કરવા દૃઢ પ્રતિજ્ઞા લેવડાવી ગહન શાંતિની અનુભૂતિ કરાવી હતી.

સેવા કેન્દ્ર સંચાલિકા બ્રહ્માકુમારી સુરેખાબેને પ્રાસંગીક પ્રવચનમાં અધ્યાત્મ સશક્તિકરણ માટે નિયમિત ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનું મહત્વ સમજાવ્યું હતું.

બાળ ફિલ્મ પ્રદર્શનમાં મૌછાની પાનખરમાં વસંત ફિલ્મે વટ રાખ્યો

ફિલ્મને બેસ્ટ ડિરેકટર અને બેસ્ટ વિડીયોગ્રાફી બદલ બે એવોર્ડ મળ્યા

હિંમતનગર, તા. ૨૧

તલોદ સાબરડેરી રોડ પર આવેલ મૌછા ગામની પ્રાથમિક શાળાના બાળકો દ્વારા તૈયાર કરાયેલ પાનખરમાં વસંત નામની બાળ ફિલ્મ એ રાજય કક્ષાએ વટ રાખ્યો છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલ બાળ ફિલ્મ મહોત્સવમાં આ ફિલ્મ એ બેસ્ટ ડિરેકટર અને બેસ્ટ વિડીયોગ્રાફી કરવા બદલ બે એવોર્ડ મેળવ્યા છે. જે બદલ રાજયપાલ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યુ હતું.

આ અંગેની વિગત એવી છે કે ગાંધીનગર ખાતે રાજય સરકાર દ્વારા તાજેતરમાં બાળ ફિલ્મ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં રાજયની વિવિધ પ્રાથમિક શાળાઓએ પણ ભાગ લીધો હતો. જે અંતર્ગત મૌછા પ્રાથમિક શાળાના બાળકો તથા સ્ટાફ દ્વારા પાનખરમાં વસંત નામની ફિલ્મ રજુ કરવામાં આવી હતી.

ચાઈલ્ડ ફિલ્મ ફેસ્ટીવલમાં રાજયપાલ ઓ.પી.કોહલી, ચાઈલ્ડ યુનિવર્સિટીના ઉપકુલપતિ કે.એસ.લાખીયા, ટી.એસ.જોષી, એચ. એન. ચાવડા, એન. એમ. રાઠોડ, સાહિત્યકાર હરેશભાઈ ધોળકીયા, ટીવી કલાકાર કિરણ જોષીની ઉપસ્થિતિમાં ફિલ્મે રીલીઝ કરતા તેમાં બેસ્ટ ડિરેકટર અને બેસ્ટ વિડીયોગ્રાફી હોવાને કારણે નિર્ણાયકો દ્વારા આ ફિલ્મ પર પસંદગી ઉતારવામાં આવી હતી અને મૌછા શાળાને બે કેટેગરીમાં એવોર્ડ એનાયત કરી રાજયપાલના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતું.

ખેડબ્રહ્માની હોટલમાં દુષ્કર્મ ગુજારનાર નરાધમની ધરપકડ

હિંમતનગર, તા. ૨૧

વડાલી તાલુકાના વાસણ ગામની એક યુવતીનું તાજેતરમાં વડાલીના શખ્સે મિત્રની મદદથી અપહરણ કરી ખેડબ્રહ્માની એક હોટલમાં લઈ જઈ યુવતીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ ગુજારી અને જો કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપનાર નરાધમની પોલીસે ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

વડાલી તાલુકાના વાસણ ગામની એક યુવતી (ઉ.વ.૧૮) ને વડાલીના સાગરભાઈ કીર્તિભાઈ નાયી સાથે પરિચય થયા પછી સબંધ ગાઢ થયા હતા પણ યુવતીના મા-બાપે લગ્નની ના પાડતા સાગર ઉષ્કેરાયો હતો અને યુવતીને તથા તેના બાપને સમાજમાં બદનામ કરી દેવાની ધમકી આપી પરેશાન કરતો હતો. જેથી યુવતી પણ હતાશ થઈ ગઈ હતી અને તેથી ઘેરથી નાસી જવાના ઈરાદાથી તેના પ્રેમી સાગરના મિત્ર રીયાઝખાન ઉર્ફે રીયન રે.નવાનગર વડાલીને મેસેજથી ઈડર મુકી જવા જણાવ્યુ હતું. રીયાઝ ખાને યુવતીને ઈડર, વડાલી બાઈક ઉપર ફેરવી ગત રવિવારે રાત્રે ખેડબ્રહ્માની એક હોટલમાં લઈ ગયો હતો અને હોટલની રૂમમાં યુવતીના દુપટ્ટાથી જ હાથ બાંધી દઈ યુવતીની મરજી વિરૂધ્ધ રીયાઝ ખાન તથા સાગરે દુષ્કર્મ ગુજાર્યુ હતું અને જો કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બુધવારે આ દુષ્કર્મ અંગે બંને નરાધમો વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો અને પી.એસ.આઈ. એસ.એમ.ગામેતીએ યુવતીના પ્રેમી અને દુષ્કર્મી સાગર નાયીને દબોચી લઈ જેલને હવાલે કરી દીધો હતો અને પોલીસે રીયાઝ ખાનને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શનિવારે રાત્રે વડાલીના બજારમાંથી રીયાઝ ખાન (ઉ.વ.૨૧) ને તેના પિતા સાબીરખાનની હાજરીમાં પકડી જેલને હવાલે કરી દીધો હતો.

બુધવારે પકડાયેલ સાગર નાયીને રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. જયારે રીયાઝ ખાનને રવિવારે સાંજે રિમાન્ડની માગણી સાથે મેજીસ્ટ્રેટ રૂબરૂ રજુ કરાયો હતો.

મુડેટીની સીમમાંથી ત્રણ પશુ ચોરાતા ફરિયાદ

ઈડર તાલુકાના મુડેટીની સીમમાં આવેલ નારણભાઈ કેશરભાઈ પટેલના બોર-કૂવાના ઢાળીયામાં બાંધેલ બે ભેંસ તથા એક વાછરડું મળી રૂ.૫૨ હજારના પશુઓની બુધવારે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે નારણભાઈને ખબર પડતા પશુ ચોરોની શોધખોળ આદરી હતી. પરંતુ કોઈ પત્તો ન મળતા તેમણે ગુરૂવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઈલોલમાં ઝેરી ઘાસચારો ખાઈ જતા વધુ એક પશુનું મોત

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર તાલુકાના ઈલોલની સીમમાં ગુરૂવારે ઝેરી ઘાસચારો ખાઈ જતા ત્રણ પશુના મોત નિપજયા હતા. તેમજ અન્ય કેટલાક પશુઓને ગંભીર અસર થઈ હતી. દરમિયાન શુક્રવારે ઝેરી ઘાસચારો ખાઈ જવાને કારણે વધુ એક ગાયનું મોત નિપજયુ હતું. જે અંગે ગામના પશુપાલકોએ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી ન કરાતા રોષ વ્યાપ્યો છે. ઈલોલના કેટલાક ખેડૂતો દ્વારા સીમાડામાં પશુધનને ચરાવવા માટે વાર્ષિક રૂા.૧ લાખ લઈ લેતા હોવાની પણ ચર્ચા શરૂ થઈ છે. તો બીજી તરફ કેટલાક ખેડૂતો પોતાના ખેતરના શેઢા ઉપર તથા આસપાસના પડતર જમીનોમાં ઝેરી દવા છાંટતા હોવાથી અબોલા પશુઓના અકાળે અવસાન થાય છે. પોલીસ તંત્ર દ્વારા આવા ખેડૂતો સામે પગલા લેવાનો સમય પાકી ગયો છે.

વડાલી પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી સંપન્ન

ચૂંટણીમાં ભાજપે બહુમતી મેળવતા કોંગ્રેસનું શાસન ગયું

હિંમતનગર, તા. ૨૧

વડાલી નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં મતદારોએ કોંગ્રેસને જાકારો આપી ભાજપને સત્તાનું સુકાન સોંપ્યુ છે ત્યારે ઈડરના પ્રાંત અધિકારી દ્વારા થોડા સમય અગાઉ પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજવા માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ હતું. જે અંતર્ગત શુક્રવારે નગરપાલિકાના સભાખંડમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે મહિલા અને ઉપપ્રમુખ તરીકે ભાજપના ચૂંટાયેલા પુરૂષ સદસ્યની વરણી કરવામાં આવી હતી.

આ અંગે ચૂંટણી અધિકારી અને ઈડરના પ્રાંત અધિકારી જશુભાઈ નિનામાના જણાવાયા મુજબ શુક્રવારે ૧૨ વાગ્યે વડાલી નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીની કાર્યવાહી ચૂંટાયેલા સદસ્યોની ઉપસ્થિતિમાં હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાજપના ૧૭ અને કોંગ્રેસના ૭ મળી ચૂંટાયેલા ૨૪ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારબાદ પ્રમુખ પદ માટે સમતાબેન પ્રવિણભાઈ સગર અને ઉપપ્રમુખ પદ માટે પ્રદ્યુમનસિંહ નરેન્દ્રસિંહ ચંપાવતે ઉમેદવારી કરી હતી. જયારે કોંગ્રેસ તરફથી પ્રમુખ પદ માટે કમુબેન રાજેશભાઈ ખાંટ અને ઉપપ્રમુખ પદ માટે મહેન્દ્રભાઈ ભીખાભાઈ પરમારે ફોર્મ ભર્યુ હતું. જેથી મતદાન કરાતા ભાજપના સમતાબેન સગર પ્રમુખ તરીકે અને ઉપપ્રમુખ તરીકે પ્રદ્યુમનસિંહ ચંપાવતનો ૧૭ મતે વિજય થયો હતો. ત્યારબાદ તેમના ટેકેદારો અને કાર્યકરોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

સાબરકાંઠાના ડુંગરાળ વિસ્તારમાં યોજાઈ આંતરરાષ્ટ્રીય એમ.ટી.બી. સાયકલ રેલી

કુદરતના અમૂલ્યના વારસા ધરાવતા વિજયનગરની પોળો ટેન્ટ સીટી ખાતે ત્રિ-વિધ સાયકલ રેસ યોજાઈ હતી. આ અંગેની બ્રાન્ડેડ પ્રાઈવેટ લિમિટેડ ધ્વારા આયોજીત સાયકલ રેસની વિગત આપતા કંપનીના ડાયરેક્ટર હિતેષભાઈએ જણાવ્યુંહતું કે, જિલ્લા વહિવટીતંત્રના સહયોગ છેલ્લા બે વર્ષથી સાયકલ રેસ આયોજન કરી પર્યાવરણને જતન કરવાનો એક સુંદર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં આ વખતે પણ ૧૫૧ કિ.મી. ની એમટીબી રેસ તથા ૧૧૧ કિ.મી.ની રોડ સાઈયકલ રેશ તથા સાયકલ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યુ છે.

વેસ્ટર્ન ભારતમાં યોજાતી આ રેસ પ્રથમવાર સાબરકાંઠા જિલ્લામાં ત્રણ દિવસ દરમિયાન ૧૫૧ કિ.મી. ની એમટીબી રેસ યોજાશે. ઉપથી વધુ સાયકલિસ્ટો ભાગ લઈ રહ્યા છે. ૧૫ ગુજરાતના ૯ અન્ય રાજયના તથા સ્વિઝર્લેન્ડના એક સાયકલિસ્ટનો સમાવેશ થાય છે. બહુજ વિકટ ગણાતી રેસમાં ૪૬ વર્ષિય અમલ પટેલ તથા સૌથી ઓછી ૨૦ વર્ષની ઉમર ધરાવતા રિતભ્રાતા પણ સહભાગી થયા છે.

પ્રાંતિજ ગલેચી ભાગોળ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા તથા આરોગ્ય વિભાગ ટીમ દ્વારા પ્રાંતિજ ગલેચી ભાગોળ ખાતે સર્વરોગ નિદાન ચિકિત્સા કેમ્પ યોજાયો હતો. સાબરકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લામાં આવેલ નગરપાલિકાઓના સફાઈ કામદારોનો સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ નગરપાલિકા તથા આરોગ્ય વિભાગ દ્વારા નગરપાલિકામાં આવતા સફાઈ કામદારો તથા તેમના પરિવારોનો સર્વરોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં આવનાર દર્દીઓને ચેકઅપ બાદ મફત દવાઓ પણ આપવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ ખાતે નગરપાલિકામાં સફાઈ કરતા કામદારો તથા તેમના પરિવારો સહિત આ વિસ્તારમાં રહેતા લોકોએ લાભ લીધો હતો. જયારે આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ઈસુફભાઈ વ્હોરા, ગુણવંતભાઈ, આરોગ્ય વિભાગ ટીમ તથા તબીબોએ ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી.